શ્રી

સુશીલ સુંદરી

નાટકનાં ગાયનો.

શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ દેવશંકર.

શ્રી વાંકાનેર આ. હિ. વ. ના. કં. ના માલેક.

વડોદરા.

આવૃત્તિ ૧ લી પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૨. સન ૧૯૧૬.

અમદાવાદ શાહપુર વનમાળી વાંકાની પોળમાં હરીભાઈ દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપ્યાં.

કીંમત રૂ. ૦-૨-૦.

સુશીલ સુંદરી નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

મંગળાચરણ—નટી અને બાળાઓની ઇશ્વરસ્તુતિ.

પ્ર. ૧ લો—શૈલેશ્વર મહાદેવનું મંદિર. ગઢ મંદારણ પતિ—વિરેન્દ્ર-સિંહની પુત્રી તિલોત્તમા તથા વિમળા સખીયો સાથે રાસની ગમ્મતમાં. વરસાદની શરૂઆત. તેટલામાં સીકારી ડ્રેસે પહાડ ઉપરથી જગતસિંહનું ઘોડા ઉપર આવવું, ને પ્રગટ થવું. તિલોત્તમા તથા જગતસિંહના પ્યારની શરૂઆત.

પ્ર. ૨ જો—રસિકલાલનું ગાયન ગાતા આવવું ને લડાઇના વીચાર સંબંધી હસવુ બોલવું, પાછળથી જગતસિંહનું આવવું, અને તિલોત્તમાના પ્યારમાં પડેલો જોઇ રસિકલાલે શાંતિ આપવી. જગતસિંહે વીરહમાં ગાયન ગાતા જવું.

પ્ર. ૩ જો—અંબરના મહારાજા માનસિંહની ઓઢીયા ઉપર લડાઇ કરવા ચડાઇ કરવી.

પ્ર. ૪ થો—રસિકલાલનું રસિકાની શોધ કરતાં ગઢમંદારણ આવવું ને મળવું, પરસ્પર પ્રેમવિનોદ.

પ્ર. ૫ મો—તિલોત્તમાનો બાગ, તિલોત્તમાની જગતસિંહ ઉપર આતુ-રતા, સખીયો સંવાદ, પાછળથી વિમળાએ તિલોત્તમાને

જગતસિંહની પ્રતિમાનાં દરશન કરાવવાં, અને ભ્રમરથી થતો ગભરાટ વીગેરે.

પ્ર. ૬ ઠો—વિરેન્દ્ર સુરેન્દ્ર સાથે ગુસ્સામાં આવી માનસિંહ પ્રત્યેના વૈરની વાતચીત કરે છે. પાછળથી અભિરામસ્વામીએ આવવું, વિરેન્દ્રને સમજાવવો અને પાછળથી કતલુલખાનનો એલચી આવે છે ને મદદ આપવાનું કહે છે, તે વિરેન્દ્ર ન સ્વિકારતાં ગુસ્સે થઈ કાઢી મુકે છે. રસિકાનું અચાનક આવવું. તિલોત્તમાની તબીયત વિષે વાતચીત. તે સાંભળી વિરેન્દ્રનું ગુસ્સે થઈ જવું વીગેરે.

પ્ર. ૭ મો—રસિકલાલનો દીકરો રંગીલ, રંગીલીના પ્યારમાં પડેલ છે તે વિષે ચરચા, પાછળથી રંગીલીનું આવવું અને પ્યારની વાતચીત. તે જોઈ સુરેન્દ્રનો ગુસ્સો વીગેરે.

પ્ર. ૮ મો—મહેલ—તિલોત્તમાની જગતસિંહ ઉપરની પ્રીતિ, સખીયોની ગમ્મત, ત્યાર બાદ ગુરૂ અભિરામ સ્વામી, વિરેન્દ્ર અને વિમળાનું આવવુ. તિલોત્તમાની દ્રઢ વૃત્તિથી અને બહુધા મતથી તિલોત્તમાનાં લગ્ન જગતસિંહ સાથે કરવાનો નિશ્ચય.

પ્ર. ૯ મો—રસિક તથા રસિકાના હાથથી સુરેન્દ્રની થતી કમબખ્તી, આબેહુબ ચીતાર.

પ્ર. ૧૦ મો—ઓઢીયાનો કીલ્લો કબજે કરવા માટે ત્યાંના નવાબ કતલુલખાન અને જગતસિંહ વચ્ચે ભયંકર લડાઈ અને ઉસ્માન તથા નવાબનું પકડાઇ જવું.

જુઓ.

અંક ૨ જો.

પ્ર. ૧ લો—રસિકનું ઘર. બટુક વિપ્રના વેદ વાક્યથી રસિક રસિકાનાં લગ્નની ગમ્મત.

પ્ર. ૨ જો—ગઢમંદારણના કીલ્લાનો પઠાણોના હાથથી થતો કબજો અને દગાથી વિરેન્દ્રનું પકડાઇ જવું. ટેબ્લો.

પ્ર. ૩ જો—સુરેન્દ્રની પુત્રી રંગીલી ને રસિકનો પુત્ર રંગીલ તે બંનેની પ્રીતિની વધુ સજ્જડ ગાંઠ.

પ્ર. ૪ થો—વિરેન્દ્રસિંહની પુત્રી તિલોત્તમા અને જગતસિંહની પરસ્પર પ્રીતિ બાદ વિમળાનું આવવુ અને પઠાણોના હાથથી જગતસિંહનું કેદ થવું. ટેબ્લો.

પ્ર. ૫ મો—માનસિંહ પોતાના સરદારો સાથે વિચાર કરે છે તેવામાં રસિક આવી જગતસિંહના કેદ થયાના ખબર આપે છે બાદ સેવક ધર્મ બજાવવા (જગતસિંહને છોડાવવા) રસિકનું જવું.

પ્ર. ૬ ઠો—કત્લુલખાનનો દરબાર તેમાં ઉસ્માનને શીરપાવ અને વિરેન્દ્રને ફાંસીનો હુકમ.

પ્ર. ૭ મો—વિમળા અને તિલોત્તમાનો વિલાપ, ઉસ્માનખાનનું આવવું, વિમળાએ વીંટી બતાવવી તેથી મળતી ધીરજ. પાછળથી સુરેન્દ્રનું આવવું, નવાબની બેગમ બનવાનું કહેવું, તે સાંભળી વિમળાનું ચીડાઈ સુરેન્દ્રની છાતી માથે ચઢી બેસવું. ટેબ્લો.

પ્ર. ૮ મો—નવાબ કત્લુલખાનની શાહજાદી અમીનાની ઉસ્માનને જગતસિંહની દવા કરવાની ભલામણ.

પ્ર. ૯ મો—જગતસિંહની માંદગી, ત્યાં અમીના તથા ઉસ્માનનું આવવું; બાદ ઉસ્માનખાન પ્રત્યે અમીનાના પ્યારની શરૂઆત.

પ્ર. ૧૦ મો—સુરેન્દ્ર રંગીલીની ગરદન પકડી પછાડે છે. રંગીલીએ બીમારીનો ડોળ બતાવવો ને પાછળથી રંગીલે જોગીનો વેષ ધારણ કરી આવવું. સુરેન્દ્રનો રંગીલીથી કંટાળી આવેલા જોગીની સાથે લગ્ન કરી તેને કાઢી મુકવા વીચાર. રંગીલનું મુળ સ્વરૂપ પ્રગટ કરવું. સુરેન્દ્રનુ આશ્ચર્ય થવું ને રંગીલીનું ખુશ થવું. ટેબ્લો.

પ્ર. ૧૧ મો—જગતસિંહનું વિચારભુવન ત્યા નીમકહરામ સુરેન્દ્રની લુચ્ચાઈ, રસિકનું મળવું, ત્યાર બાદ ઉસ્માનનું આવવુ; કેટલીક વાતચીત કરતાં ગુસ્સે થઈ જગતસિંહને જેલખાનામાં લઈ જવા હુકમ.

પ્ર. ૧૨ મો—જેલખાનામાં તિલોત્તમા અને જગતસિંહનો મેળાપ. નીચ સુરેન્દ્રના ભંભેર્યાથી પવિત્ર તિલોત્તમાનો તિરસ્કાર વીગેરે.

અંક ૩ જો.

પ્ર. ૧ લો—કામાંધ સુરેન્દ્રની રસીકા પ્રત્યે દુષ્ટ વાંછના અને પાછળથી ગુરૂ અભિરામ સ્વામી તથા રસિક વીગેરેનું આવવું.

પ્ર. ૨ જો—નવાબના હુકમથી વિરેન્દ્રને ફાંસીએ ચડાવવો ને વિમળાનો વિલાપ.

પ્ર. ૩ જો--સુરેન્દ્રને ફસાવવા માટેની રસિક તથા રંગીલની યુક્તિ પાછળથી રંગીલ રંગીલીનાં જાહેર લગ્ન.

પ્ર. ૪ થો--વિમળાના હાથથી કત્લુલખાનનો પ્રાણવધ અને હુરમ તથા અમીનાનો અફસોસ.

પ્ર ૫ મો--વિમળાની હકીકતથી ગુરૂ અભિરામ તથા તિલોત્તમા વીગેરેનું આશ્રમમાં જવું.

પ્ર. ૬ ઠો--રંગીલ રંગીલીનો પ્રેમવિનોદ.

પ્ર. ૭ મો--ઉસ્માનખાનના પ્યારની ખાતર અમીનાની ફકીરી.

પ્ર ૮ મો--જોગી વેષમાં તિલોત્તમા જગતસીંહનો મેળાપ. પતિ પત્નીના પ્રેમની પરીક્ષા.

પ્ર ૯ મો--રંગીલ ઘેર ન આવવાથી રંગીલીનું પહેરવેશ બદલી રસ્તા ઉપર રડતાં ઉભુ રહેવુ; રંગીલનુ આવવુ આશ્ચર્ય પામી રંગીલીને ડાકતરને ત્યાં લઈ જવા પ્રયત્ન કરવો. રંગીલીનુ મુળ સ્વરૂપ પ્રગટ કરવુ ને રંગીલનું આશ્ચર્ય થવું વીગેર. સાચા પ્રેમની ખાત્રી કરી લેવી.

પ્ર. ૧૦ મો--બાદશાહ અકબરનો મહાન દરબાર. જગતસિંહને બાદશાહ તરફથી મળતો શિરપાવ, તિલોત્તમાને મળતી જાગીર, રસિકલાલનો સત્કાર તથા જગતસિંહને લગ્ન મુબારકબાદી આપતાં ગાયન સાથે આ નાટકનું સમાપ્ત થવુ.

મુખ્ય પાત્રોની સમજ.

જગતસિંહ—અંબરના મહારાજા માનસિંહનો કુમાર.

સુશીલ સુંદરી }
ઉર્ફે તિલોત્તમા— } ગઢમંદારણપતિ વિરેંદ્રસિંહની પુત્રી.

વિમળા—વિરેંદ્રસિંહની દાસીરૂપે રહેલી રાણી.

માનસિંહ—અંબરના મહારાજા.

રસિક—એક બ્રાહ્મણ મશ્કરો.

રસિકા—વિરેંદ્રસિંહની મુખ્ય દાસી.

વિરેન્દ્રસિંહ—ગઢમંદારણનો અધિપતિ.

સુરેંદ્ર—તેનો હજુરી.

યશવંત અને સુજન—જગતસિંહના મિત્રો.

કત્લુલખાન—ઓઢીયાનો નવાબ.

ઉસમાનખાન—નવાબનો સેનાપતિ.

અમીના—નવાબની શાહજાદી.

હકીમ—નવાબનો વૈદ્ય.

હુરમ—નવાબની રાણી.

રંગીલ—રસિકનો પુત્ર.

રંગીલી—સુરેંદ્રની પુત્રી.

અભીરમા—વિરેંદ્રસિંહના ગુરૂ.

લશ્કર, દરબારીઓ, વારાંગનાઓ વિગેરે.

શ્રી

સુશીલ-સુંદરી

નાટકનાં ગાયનો.

અંક પહેલો.

નટી તથા બાળાઓ- ૧

વારી વારી વિશ્વાધાર
આનંદ અખંડ જય-વારી.
અકળ લીલા શી વિભુ વિશ્વના વિલાસી
કીધી ખાસી અવિનાશી-વારી.
વિમળ અમલ સ્થલ સ્થલ સચરાચર
આદી એ ન સ્થાવર જંગમ
જપતી નિરંજન જય જય-વારી.

બાળાઓ- ૨

રમતી સખીયોની સંગાથ યુવતિ જાય મલકાતી
મદન વિકારે વ્હાલી રસમાં રંગાતી

જાતી સ્વામીના ગુણ પ્રેમે ગાતી–
ચટકતી ચાલે હાલે લલના શરમાતી
વાહ વાહ મંગલમય માનુની જણાતી.

વિમળા, તિલોત્તમા
અને સાહેલીઓ– ૩

ચાલો બ્હેનો ચાલો આજે શૈલેશ્વર જઇએ
શૈલેશ્વર જઇએ શંભુ શરણુમાં થઇએ–
પતિત પાવન એ છે જંગલ નિવાસી
ટાળે ઉદાસી આપે સ્વામી સુખરાસી–
હાહા ત્યારે ચાલો વાહવાવા બ્હેનો મ્હાલો હું હું મ્હારો વ્હાલો.
હવે ત્વરાથી ઉપર ચડીએ
અર્ચી ચંદન વંદન કરીએ
પ્રેમે મસ્તક પાય ધરીએ
વાહ, વાહ, વાહ, વાહ, વાહ, વાહ. (૨)

તિલોત્તમા અને સખીઓ– ૪

ઝીણા ઝરમર વરસે મેહ ભીંજે મારી ચુંદલડી
એવા નંદકુવર શું નેહ ભીંજે મારી ચુંદલડી
એવા નગણા સાથે નેહ ભીંજે મારી ચુંદલડી
ઉંચા અત્રાસ એ અલબેલાના નીચે અમારી મેડીરે
સુતી હતી હું મારા ભુવનમાં સાન કરી મુને તેડી–ભી.
ડગ ડગ દાદુર મગ મગ મોરલા ચાતક થયા નમેરીરે
વીજળીના વેગના ભયને ત્યાગી આવી ઉભી આ શેરી–ભી.

જગતસિંહ- ૫

થાય ગરડ ગરડ નભમાંય—થાય.
ચડી કારમી ઘોર ઘન ઘટા કાળશી વિષમ જણાય-થા.
ઉંચા ગિરિવર કોતર અંદર
પશુના અંતક શબ્દ સુણાય
મહા ભયાનક વૃક્ષ તણો ઠઠ
નીરખી ભયથી ધીર ઉડી જાય-થાય.

જગતસિંહ- ૬

શી પ્રેમી શી પ્રેમો શી પ્રેમી શી પ્રેમી
શાણી સલુણી દાખી પ્રીતિ રીતિ એ બોલી શા બોલો
એ ચાલી મધુરી મનહર શી મુખ કાન્તી
નખ શીખ શી સોહાતી નવ યોવન મદમાતી,
મુખ મદ મંદ મલકાતી મૃગ નેણી મૃદુ વેણી
નવીન રસિક યુવતી ખીલતી પદમણી તણી
ઘણી મનહરણી ચોટી નવેલી છટા છબી ચિત્તમાં
રમણી નમણી સુખદા તરૂણી ગઈ હા એ તો
ગઇ ચાલી ગઇ અહાહાહાહા.

રસિક— ૭

આ રસિક લાલજી લાલ બંદા બંકા બહાદુર,
ભલી ભાતભાતનાં ભણતર ગણતરમાં ભારે ભરપુર—આ.

મ્હેલા પંચમાં પુછાય બોલેલા બોલો બોલાય;
કહે સહુ આવોજી અરે આહિંઆં આવોજી.
હાજરા હજુર—(૨)—આ,
ફક્કડ ફાંકડો અક્કડ આંકડો વાંકડો મુંછનો વાળ્યો છે
ઠાકર ચાકર ટક્કર મારી વક્કર પણ બેસાર્યો છે
રૂપીયો ખનનન ખરો રોકડો હાઢે અટકે મને દોકડો
જગે જગે જગમાં મશહુર—એ

જગતસિંહ— ૮

એ ચિત્ત ચોરી ગઈ ચાલી એ ચંપકવરણી ચતુરા
ચપળા સમી શી ચમકતી દમકતી ઠમકતી—એ.
ચંદ્રવદની સુહાસીની પ્રિય ભામીની ગજગામીની
દિવ્ય રમણી સુધા ઝરણી કામકરણી
પ્રાણ વાતની ચાલી ગઇ—એ.

કંચનીઓ— ૯

જારે જારે ઓ રંગીલા હઠીલા જારે કુડા કાનુડા—જારે.
હરખાવે મુઝાવે સતાવે શાને,
વેણુંનો નાદ સુંદર સાદ, આવે છે યાદ વાણી વિવાદ,
રૈન તું જગાવે, ભાન તું ભુલાવે, દેહ તું ડુલાવે.
બે લી ગો પી જાણુ—જારે જારે૦

રસિકા—　　　　　　　　૧૦

વ્હાલા રસિક વ્હાલા રસિક. વ્હાલા રસિકજી મળીયા સુંદીર
પ્રિય મારા શામળીયા.–ટેક.
મોજ માણું રોજ નાણું
ખુબ ખરચુ મારાં તો ભાગ્ય બળીયાં–સુંદીર.
પ્રેમે રંગાયું જોબન
પ્રેમે રંગાયું તનમન
પ્રેમે બનીયું સહુ પરવશ જન
અધરરસ ભોગી પાતળીયા–વ્હા.

૧૧

રસિક–થઇ રાજી (૨) ઓરા આવો આમ
　　તનમન થનગન થાયજો
રસિકા–છબીલાજી (૨) છોકરવાદી આમ
　　આવી કોઇ જોઈ જાય તો
　　ઘર ખુણે ગોળ ઘણો મીઠો
　　વાટે કોઇને ખાતાં દીઠો
રસિકા–(એ હાહા જીહા)
રસિકા–(આ બળ્યા તમારા હેવા) છબીલાજી
રસિક–ટેવ પડી તે ટળે ન ટાળી
　　બોલી તારી બહુ વ્હાલી
રસિકા–કામણગારાનાં કુડાં કામ આવી કોઈ જોઈ જાય તો
　　થઈ રાજી

તિલોત્તમા- ૧૨

લગની મને લાગીરે લલિતવરની
કલેજે પ્રેમની કટારી બેધારી
વોય અરરરરરરરર—લાગીરે,
સુનાં મંદીરીયાં વ્હાલા વિનાનાં
સુની સેજલડી સુનાં બીછાનાં
વેલીને રજની ખારી ખારી અંધારી—વોય૦
મનડાં હેરાણું મોહનને મટકે
ચીતડાં ચોરાણું ચતુરને ચટકે
આંખોની કીકી કામણગારી અણીયાલી—વોય૦

તિલોત્તમા- ૧૩

મરને મુવા ભમરા શીદને સતાવે
જાને જાને તું જાને—મરને
નથી કુસુમની હું કળી ખીલેલી ખુબી ભરી
રસીલી રસે ભરી રંગેભરી—મરને૦
નથી આ કમળ દળ મળે તને પરીમળ
વળગતો આવે શીદ ટળ મુવા ટળ ટળ
પોતાનું પારકું લે કળી છાકી ગયો શું છળી
કમોતે જાશે મરી જાશે મરી
ટળી જાને મરી જાને તારૂ નખોદ જાય
મને ડંખી બચાવો કોઇ કાઢો આને—મરને

વિરેંદ્ર : - ૧૪

ધરીશ વિરનું હું નામ ધરામાં–
મારીશ કરીશ લોહીપાન લઇ જાન
ઓ નાદાન ન ગુમાન, ધર નફ્ટ નિર્લજ
જોજે હુવે વેરમાં સાર અરે ઓ ગમાર–ધ૦
માન મુરખ અપમાન કરી મારૂં
નાહક થઈ શરણુ મુજ કર સંહાર–અરે ઓ ગમાર.

અભિરામ– ૧૫

મદ મનમાં ધારમાં, જળમહીં પથરા તારમા
પાણીપર કદી નહીં ભીંત ચણાય નેરણીથી કદી નહીં વાળ પડાય
એમ તુંથી "માનસિંહ" ન હણાય—મદ મનમાં૦
મદાન્ધ રાવણ મારીગો, હણીયો હિરણાકસ
ગોવિંદને ગમતો નથી, મનમાં મદનો અંશ—જળમહીં૦
મારૂત સુત લુંટો કર્યો માર્યો મામો કંસ;
અહંકાર નથી સાંખતા, હરિ વિવેકી હંસ—જળમહીં૦

રંગીલી– ૧૬

જોબનનું જોર મારા અંગે ન સમાય
ઉછળી ઉછળી રંગે એ રેલાય વ્હાલા વીના–જોબન.
મીઠી મીઠી વાતે પરણેલી મોજ માણે

૧૬

રૂડી રૂડી રાતો પરણેલીઓ વખાણે
કુંવારીના કાળજામાં ભડકે ઉઠે લ્હાય
અંતરના ઉભરા તે કોને જઇ કહેવાય—જોબન.

૧૭

રંગીલી—મારા રસિયા રંગીલ રઢીયાળા
ખોલો સ્નેહ તણી શાળા.
રંગીલ— એ અક્ષર બે કળવાળા
કોઇ જાણે ભણુવાવાળા.
રંગીલી—અક્ષર કેવા શીખવા જેવા—રસીયા.
પ્હેલો કકો પ્રેમનો આંખે આંખ મળાય
ક ને ક નહિ ક પછી આગળ એમ વધાય.
રંગીલ— વાહજી પોપટ (લ) પઢું ગટપટ.
રંગીલી—લટપટ પ ખી ચતુરસુજાણ
રંગીલ— પઢો પઢો મારી મેંના જાન—મારા.

તિલોત્તમા— ૧૮

વિદેશી વાયદો દઇ ચાલ્યો મારો પ્રાણ પાછો હાલ્યો
રસિક વિના રજની વેરણ થઈ છાતી જાય ભરાઈ
રડવું રાખું ઝાલી પણ રડયું ધ્રુશકે જાય રડાઈ—વિદેશી.
જેના ચિત્તમાં ચીંતા તેને ચર ચર ચીતડું થાય
શૂળી ઉપર સુતેલીને બાઇ આંખે ઉંઘ ન આવે—વિદેશી.

રેન્દ્ર- ૧૯

જા જા જા દૂર મુર્ખ છોકરી કુલ ગર્વ છોડી

ેલોત્તમા-હાથ જોડી જોડી વિનવું-જા જા જા.

ેરેન્દ્ર—શુદ્ધિ તારી ક્યાં સંતાઈ બુદ્ધિ બાળા રહી ન કાંઈ

ેમળા—વૈર અરીનું સઘ છોડો કુળ ગર્વની રીત ત્રોડો

પુત્રી પરનો પ્યાર જોડો ધર્મ કર્મે સઘ દોડો

ેરેન્દ્ર—મુરખી મુઢ બન ના

ેમળા—શાન્તિ ધરો મનમાં

ેલોત્તમા-આપુ આશિષ દુર-જા.

લોત્તમા- ૨૦

મુજ પરમ પિતા ચિત્ત ધરજો રે, વિનતી મારી,

પુત્રી શીર પર કર ધરજો રે, વેગે વિચારી. મુજ.

બાળકડી ને ગાય ગરીબડી, જ્યાં દોરે ત્યાં જાય;

હિત અહિત હેતુ નવ જાણે, તો પામર પીડાયરે. મુજ.

જગત વિના નહીં ઈચ્છું જગતમાં જગત છે જીવનહાર;

જગત મહીં જન્મી હું વરવા, જગતસિંહ ભરથારરે. મુજ.

૨૧

સિકા-ધીરા ધીરા નાચો બંદરજી

થનગન થનગન નાચો બંદરજી

સેક- જરા લટકે (૨)-ધીરા.

સુરેન્દ્ર—નીચે ઉંચે નચાવ, વ્હેલો વ્હેલો પરણાવ
ઓરી ઓરી તું આવ, તારો રસીયો રીઝાવ.

રસિકા—નહિ બાકી રાખું કાંઇ રસીયા
તમે અંતરના ઓરડે વસીયા.

સુરેન્દ્ર—હાય હાય રસીયા, અમે વસીયા.

રસિક— આવો બેટમજી, મારા બારશીયા
તોડી નાખીશ તારા કાનશીયા
કુદો લંગડજી નાચો લંગડજી.

સુરેન્દ્ર—અજી વાહ વાહ વાહ

રસિક—રસિકા—એજી વાહ વાહ વાહ—ધીરા.

રસિકા— ૨૨

ચાલો રસીલા આનંદ કરીએ, નિજ તન મનનાં દુ:ખો હરીયે;

રસિક—સુખકારી હદ વાળી મૃગનેની નેન ઢાળી
આપે ચુંબન શાંત કરે મન મારૂં તો અહાહાહાહા.

રસિકા—હા હા હું પ્યારવધારૂં તમપર વારૂં, હૃદયેશ ધારૂં, મોતીડે વધાવું.

રસિક—બસ બસ પ્યારી એજ ઉચારૂં હેં હા.

રસિકા—પ્રિય પ્રાણ તમે આવો ગુણવાન તમે આવો.

રસિક—દિલજાન આવો આવો, યુ, ગો ગો ગો.

રસિકા—(ચાલો આવો મારા લાંબા નટવર)

રસિક—(આઇ વીલ નોટ કમ માઇ ડીયર)

લશ્કર- ૨૩

હર એક કદમ કદમપેં દમ બદમ બહુમ યજમ રખ્ખો
સીતમ દોદમ કલમ કરો ઓર દુશ્મનોકા ખુન ચખ્ખો
યાદહી રખ્ખો, યાદહી રખ્ખો, સબહી સંગ સંગ
એકહી રંગ રંગ ખુમહી જંગ જંગ દંગ દગ દંગ મચાઓ.
નહુમ નતુમ નકમ બેડુમસો જેર હિંદુ કર રખ્ખો.

૨૪

રંગીલ- મારી લાડકડી વેગે વહેલી થા રે વેગે વહેલી થા.
રંગીલી-તારી અલબેલીની પહેલી વહેલી હા રે પહેલી વહેલી હા.
રંગીલ- મીઠી વાણી શું સારી મને લાગે બહુ પ્યારી.
રંગીલી-સદા તારી આ તારી રંગીલીજ નારી.
રંગીલ- લહેર કરવીજ ભારી દુઃખ સરવે વિસારી.
રંગીલી-વહાલા તારા પર જાઉં બલીહારી બલીહારી.
રંગીલ- હું તો તારા પર જાઉં લટકાળી વારી વારી.
રંગીલી-હવે ચાલો વહાલા છેલ કરો તૈયારી. મારી.

તિલોત્તમા- ૨૫

દુનિયામાં નથી કોઇએ દીઠો પ્રેમ કીનારો,
સાગર મહીં ડુબતો પ્રેમી કોઇએ ન ઉગાર્યો. દુનિ૦
મતલબમાં મુંઝાયેલો ભ્રમર એમ ભમાયો,
પ્રેમાંધ બની પુષ્પ કમળ માંહી બીડાયો. દુનિ૦

પંખી પ્રદેશી પ્રેમ વગડે જઇને મુંઝાયો,
ઝાડીમાં મળી વાટ નહીં એમ અથડાયો. દુનિ૦
સન્મિત્ર મળે ભોમીઓ આવે તવે આરો,
નહીં તો ઘવાયેલો ફરે એ બળદ બીચારો. દુનિ૦

જગતસિંહ- ૨૬

ચંચળ ચતુરા ચપળ નયનથી ચિત્ત ચમકાવતીરે
મનહર મધુરી મન મટકીથી નિત નવરાવતીરે-ચંચળ.
તિલોત્તમા—પ્રેમી ડાળે હરનીશ ઝુલતી
પ્રેમ પુષ્પની માળા ધરતી
પ્રેમી કેરા પૂર્ણ પ્રસંગે મહાલતીરે-ચંચળ.
જગતસિંહ-મદન કટારી તન પર મારી
જખમ કર્યો છાતીમાં કારી
ભમર કમળ રસમાં ભામા ભરમાવતીરે-ચંચળ.

સુજનરાય તથા યશવંત- ૨૭

જે વિકટ વખતમાં મિત્ર તણી કરે મદદ સ્નેહ ધારી,
તે મિત્ર ખરો સમજાય જામે જગકીર્તિ બહુ સારી;
વિવેકી વિનયી વિચાર સાગર ગુણી જ્ઞાન ધારી,
ધર્મ કર્મ કરી રહે મગ્ન મનમાંહી બહુ ભારી.
મિત્ર જગતમાં જાણવો સુખ દુઃખ સાથી જેહ,
ભીડ વખત આપે મદદ તન મન ધનથી તેહ;
એવોજ જગતમાં (જગતસિંહ) એક મિત્ર મળી મારો,
શું વર્ણન તેનું કરૂં સુજન જશ જય વધારનારો.

રસિક—　　　　　૨૮

પંથ પડું પ્યારથીરે, પ્રગટ કરવા પરમ પ્રિતની રીત અચિત;
આપો આજ્ઞા આપ અનુસરૂં અંગ ઉમંગેરે,
કરૂં ખળ દળ બળ ભંગ જમાવું જંગ એ સંગેરે,
પવન તનય મહાસાગર કુદી, પહોંચ્યો પેલે પાર;
સ્વામી કૃપાથી સર્વ સુલભ છે એ સમજી નિરધાર.

કંચનીઓ—　　　　　૨૯

સંગીત સુખકર ગાઓ બાજે મૃદંગ તાલ નાધી ધીના
તાના દેરેના, દેરેના દીમ દીમ તનન નિ ધ પ મ ગ રે સા રે
ધા ધીનીકીટ ધીનીકીટ તક ધિ ત્તા—
ધીકડા ધા ધા ધા (૨) સંગીત સુખ.

અમીના—　　　　　૩૦

અરે પ્યારે મેરે મઐને તોરી કદર પહેચાની—
મન મોહે લીયા નહીં માને જીયા સમજાવો પીયા ન સતાવે
જીયા જાન દીલબર—પ્યારે.
તેરે હીજ્રમે બુતે દીલાજો, નહીં દીલકો મેરે કરાર હુએ
ન સતા તું બહેરે ખુદા મુઝે, મેરા ગમસે સીના ફીગાર હુએ.

અમીના—　　　　　૩૧

જહાંમે પિયારા તું જાના હમારા પિયારા (૪)
જાંન જીતી હું મેં તુજસે મેહરબાની કર અબ મુજસે
શાદી કર રહે તું કુચપે ખાવીંદ મેરા (તું અબકે)

હમેશા દીખારે ખુદારા નજારા તેહારા (૪)
પલ પલ છીન છીન રૈન દિન બેચેયન રહું તોયે બીના
બહોત કઠીન અબ હોગા જીના તુજ બીના
કે ખુદાને દિલારા તુ જાના હમારા—

રંગીલી— ૩૨

મારા બાળા જોગીરાજ તમે થાશો જોગી અમે જોગણ થઈ જાશું.
રંગીલ–જોગીને જોગણ જેવો જોગ આ જમાવશું
રંગીલા–માગો પાણી તો અમે દુધ પીવરાવશું
ખાશો તે માંગી ખવરાવશું—હમારા૦
રંગીલ–આંખે આંખ મેળવીને આનંદ ઉડાવશું
રંગીલા–હાજર હજુર રહી હુકમ ઉઠાવશું
રંગીલ–જંગલમાં આહલેક જગાવશું—હમારા૦

જગતસિંહ— ૩૩

મદાંધ જા જા જા નફ્ટ નવ બકરે
કપટ ચપટ ઝટપટ શઠ કહી થશે
ફ્ટ નિર્લજ દગો દઇ શું ફાવીયો
સમીપ કમર નહીં આવ્યો કસી—
વશ કર્યાં વિર નર છકેલ હરામી નીચ
નવ લંછન લહું ન્યાયે ખસી—મદાંધ૦

જગતસિંહ— ૩૪

વનિતા તું નગણી નાર વિસારી પ્યાર તજી દે દ્વાર
સરીતા ખરી પણ ખારને વરનાર કરે શું ખુવાર

તિલોત્તમા—પ્રીતમ આમ વદો શું કામ જપું તમ નામ
આઠે જામ રે શ્યામ, ઓ શ્યામ, શ્યામ.

જગતસિંહ—કપટી બતાવે પ્યાર તને ધિક્કાર વાર હજાર

તિલોત્તમા—પીયુજી હું નિરમળ નાર, કરો વિચાર, થશો લાચાર
હે કીરતાર અવની મોઝાર
જગત વિણ પ્યાર, નહિ ધરનાર, નાથ તું લેજેસાર

રંગીલ— ૩૫

આવો આવો વ્હાલી વેલડી હસી વ્હેલી પ્રાણ તું

રંગીલી-જાઓ જાઓ જાણી પ્રીતડી રાત એવી જાણુશું.

રંગીલ-થયો ન્યાલ ગ્રહી તુજ હાથ

રંગીલી-મુજ નાથ રહું સાથ ના જાવા દઉં.
મળી તન મનથી વર પતિને

રંગીલ-મનમથ જેમ ચાહે રતીને તરૂણી તમને તેમ,

રંગીલી-ચાહી તમે તમ રમણી

રંગીલ-ના ના શશીમુખ નીરખી

રંગીલી-ચિત્તમાં ચકોરી હરખી

રંગીલ-સુખ દે સુધાકર પરખી

રંગીલી-મળી જોડ સરખા સરખી—

કુંચનીયો—   ૩૬

ખુમારી સુખકારી સાચમા ધીરે ધીરે આવે મારા
રે રસિલા રે રંગીલા હો છેલા વહેલા પી લ્યો રાજ
પ્રીતડી તમારી શું વિસારી વારી વારી જાઉં
લ્યોને પાઉં હાથે મારા
દારૂ દીલ્લી આગરે, દારૂ જેસલમીર;
એવો પીયે કોઈ રાજવી કે કોઇ પીયે રણધીર.
બાદીલા છેલાજ મારા સાથેજ વહાલા
વેલા સવેલા લ્યો ચાલી મારા રાજ.
પી લ્યો પી લ્યો પી લીયોરે, તક આ નહીં મળનાર;
વીતે આયુષ્ય અલ્પ ઘડીમાં, કાળને વશ થાનાર.
માણી લીયો મોજો આ જગ બોજો ઉતારી
મારા રસીલારે રંગીલા હો છેલા વહેલા પી લ્યો મારા રાજ

અભિરામ—   ૩૭

હરિ તુજ વારે ચડશે એક ઉપાધી પછી ન નડશે
નિરખી તુજ નીતિ પ્રીતિ રીતિ—હરિ૦
પાંચાળી ચીર પુરોયાં, ભરી સભા મોઝાર;
રૂપ ધર્યું નરસિંહનું, હર્યો ભૂમિનો ભાર.
ધરણી ધરણ પ્રભુ તારણ તરણ એ, જરૂર સંકટ તુજ
હરશે હરણ એ
માટે તું ધીરી થા, ગુણો ગા, પ્રભુ કેશ, બેટા વહાલી—હરિ.

તિલોત્તમા- ૩૮

વિભુ વા'રે ચડોને મારી રે, દીન દાસી કહે છે પુકારી.
કષ્ટોને કાપી સ્વામિ સુખ આપી
આશ પુરો દયા દીલ ધારી-વિભુ.
ભોગીને માટે જોગી વેશ ધારી, મળું મોહન મમ સુખકારી;
સહાય તારી દે મોરારી, યાચે બાળા બિચારી-વિભુ.

૩૯

રંગીલ- વ્હારે વ્હા વ્હા વીચીક્ષણુ તારી ચતુરા ચતુરાઇ અહાહા કેવી
રંગીલી-બળી બળી આ ટેવ તમારી, અમારી ભેગી એવી તમારા જેવી
પારકાનાં દુધ બહુ મીઠાં મીઠાં લાગે
ઘરનું પાણી તો ખારૂં ઝેર જેવું લાગે
રંગીલ- જાણીને તું ભોળી શીદ થઇ ભરમાય છે
રંગીલી-જાઓ જાઓ જુઠા મારો જીવ બળી જાય છે
રંગીલ- તારા વીના તો બીજી ત્રીજી છે હરામ
છે હરામ (૩) વ્હારે.

અમીના- ૪૦

જરા તો સોચ અય કાફીલ એહમકા કયા ઠીકાના હય
નીકલ એ જાં ગયા તનસે તો સબ અપના બેગાના હય
મુસાફીર તું હય ઔર દુનિયાં સરા એ ભુલ મત ગાફીલ
સફર મુલકે અદમ આખીર તુજેદર પેશ આના હય

ન ભાઇબંધ ન કોઇ હય ન કોઈ આશ ના અપના
બખુબી ગોર કર દેખો તો મતલબકા જમાના હય
લગી રહુ પાદ મય ઉસ્કી અગર અપની સફા ચાહુ
યે બસ દુનિયાકે ધંધોમે હુવા ગુલ કસું તું દીવાને.

તિલોત્તમા—

૪૧

ધાર્યુ કોઇનું ન થાયે, ધાર્યું ધણીનુ થાયે
ધાર્યું સરોવર મીઠા જળનું જીવ અભાગી જઈ લલચાય
જઇ કાંઠે જોતાં તે ઝાંઝવાં
પાણી ટીપું કયાંથી પાય—ધાર્યું.
વરસાદનાં વાદળ ચડી આવે
ચાતક તું તે શીદને ન્હાય
ભાગ્ય દશાના ભવમાં વારા
પ્રાણ આપતાં કઇ ન પમાય—ધાર્યું.

૪૨

તિલોત્તમા—આવો આવો પિયુજી પ્રીયા પાણીડાં પાય
જગતસિંહ— અરે વાહ વાહ મારી શાણી તિલોત્તમાય
મારૂં હૈયું હરખાય પ્રીયા પ્રીતિ જળ પાય
તિલોત્તમા—આપું પ્રાણદાન પીરસું પકવાન.
જગતસિંહ—જાણું છું માનું છું, વહાલી પીછાણું છું
તિલોત્તમા—દાસી તમારી છું.

જગતસિંહ– જીવન સુખકારી તું
તિલોત્તમા—પ્રીતથી હારી છું
જગતસિંહ– જાઉં તુજ વારી હું
તિલોત્તમા—વાહ વાહ આવો પ્રાણ રંગે રમાડું
જગતસિંહ– વાહ વાહ વાહ મારી શાણી તિલોત્તમાય
મારૂં હૈયું હરખાય પ્રીયા પ્રીત જળ પાય.

રંગીલ તથા રંગીલી– ૪૩

ગોરી ગોરી નખરા વિનાની નમાલી નારી નકામી કોઈ
જાણો છો નખરાં
પ્યારી મારી તારા વિના હું ભાળું કાળું અંધારૂં; તારાં
નૈનમ છે નખરાં
બોલતાં ન આવડે તો ભારજા તે ભોટ છે
(પાયો મળે ન મોટી ખાટલે તે ખોટ છે)
ઠઠ્ઠા ન આવડે તો ઠોબારી ઠોઠ છે
(બસ તારી બોલી સચોટ જાણે ચોટલે)–ગોરી ગોરી.
ચાલે ન લચકે તો દીધી જાણે દોટ છે
(ગોળ ઘી વિનાનો લુખો બાજરાનો લોટ છે)
આવડે ન આંખો ઉલાળતાં તો ખોટ છે
(રંગીલી નારી તો રૂપીયાની નોટ વ્હા)
(રંગીલો તારો અલોટ છે પલોટ છે બસ લોટપોટ છે)–ગોરી૦

સર્વે પાત્રો—   ૪૪

જય જય સુરેશ સુખકર મહેષ
જય વિજય વિજય દે કાપી કલેશ—જય જય.
ભક્તજન પ્રતિપાલ ગંગધારી દીનદયાળ
યાચીએ મળી સૌ બાળ આર્યનો ઉદય હમેશ—જય જય.
ઉદ તનન તનન તાના દેરેના
દીયનરે તનન તોમ તનન તોમ
સાની ધ પ ગ મ પ ની ધ પ મગરેસા—જય જય.

સમાપ્ત.

અખૂટ કૌવત આપનારી

આતંકનિગ્રહ ગોળીઓ.

તદ્દન વનસ્પતિની

આ ગોળીઓ સ્ત્રી પુરૂષોએ બન્નેને એક સરખી ઉપયોગી, અતિ પૌષ્ટિક, પુરૂષત્વ આપનાર, લોહીની શુદ્ધિ કરનાર, ધાતુ દોષોને મટાડનાર અને નિર્બળ માણસને બળવાન કરનાર ઘણીજ ઉત્તમ દવા છે. કીંમત ગોળી ૩૨ બત્રીસની ડબી ૧ નો રૂપીયો એક.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ ....જામનગર.........કાઠીયાવાડ.
બ્રેંચ નંબર ૧.........મુંબઈ......... ..કાલબાદેવી રોડ.
બ્રેંચ નંબર ૨.........કલકત્તા...........હેરિસન રોડ.
બ્રેંચ નંબર ૩ ....પુના...............બુધવાર પેંઠ.